સુરત જિલ્લામાં ખેડૂતોના ૯૮ હેક્ટર શેરડીના પાકને આગથી નુકસાન

ત્રણ વર્ષના મોટરચોરીના કેસોની તપાસ, જર્જરિત વીજલાઈનો બદલવા અને ખેડૂતોને 12 કલાક વીજળી આપવાની દર્શન નાયકની માંગ

સુરત-સાયણ: સુરત જિલ્લામાં ખેડૂતો એક તરફ ખેતરોમાંથી સબમર્સિબલ મોટર, કેબલ વાયર અને ખેતીનાં ઓજારોની ચોરીથી પરેશાન છે, તો બીજી તરફ વીજતારના સ્પાર્ક અને શોર્ટ સર્કિટથી પાક બળી જવાની ઘટનાઓનો સામનો કરી રહ્યા છે. કોંગ્રેસના પ્રદેશ મહામંત્રી દર્શન નાયકે આ મુદ્દે જિલ્લા પોલીસ અધિક્ષક અને DGVCLના મેનેજિંગ ડિરેક્ટરને રજૂઆત કરી ખેડૂતોને નુકસાનથી બચાવવા તાત્કાલિક પગલાં ભરવાની માંગ કરી છે.

દર્શન નાયકની રજૂઆત મુજબ, કામરેજ સુગર વિસ્તારના ચાલુ વર્ષે ૧૨ ખેડૂત સભાસદોના આશરે ૨૧ હેક્ટરમાં શેરડીનો પાક બળી ગયો છે. ચલથાણ સુગર વિસ્તારમાં ગત વર્ષે બે ખેડૂત સભાસદોના પાંચ હેક્ટર અને ચાલુ વર્ષે ૧૦ ખેડૂત સભાસદોના ૪૦ હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે. જ્યારે સાયણ સુગર વિસ્તારના આશરે ૧૫ ખેડૂત સભાસદોના ૩૨ હેક્ટરનો પાક બળી ગયો છે. આમ, રજૂઆતમાં કુલ આશરે ૯૮ હેક્ટર જમીનમાં શેરડીનો પાક બળ્યો હોવાનો ઉલ્લેખ કરાયો છે, જેના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું નુકસાન થયું છે. ઓલપાડ, કામરેજ અને માંડવી તાલુકાના સીમ વિસ્તારોમાં ખેતરોમાંથી મોટર, કેબલ વાયર અને ખેતીનાં સાધનોની ચોરી વધી હોવાની રજૂઆત કરાઈ છે. ચાલુ સિઝનમાં મોટરો ચોરાતાં પાકને પાણી આપવામાં મુશ્કેલી સર્જાય છે. પોલીસે અગાઉના અને તાજેતરના ચોરીના ગુનાઓની ઝડપી તપાસ કરી આરોપીઓને પકડવા, છેલ્લા ત્રણ વર્ષમાં ખેડૂતોની ચોરાયેલી મોટરો અંગે મળેલી અરજીઓનો અહેવાલ મંગાવી કાર્યવાહી કરવા તથા ચોરાયેલો સામાન પરત અપાવવા માગ કરાઈ છે. DGVCLના અધિકારીઓ સાથે સંકલન કરીને ખેતરોમાં પોલીસ પેટ્રોલિંગ વધારવાની પણ રજૂઆત કરવામાં આવી છે.

પીપરિયામાં ખેડૂતના મોત બાદ વીજકંપનીની જવાબદારીનો મુદ્દો

માંડવી તાલુકાના પીપરિયા ગામે તૂટેલા વીજતાર અંગે આઠ દિવસ પહેલાં ફોટા અને વિડીયો સાથે લેખિત રજૂઆત કરવા છતાં કાર્યવાહી ન થતાં વીજકરંટ લાગવાથી ખેડૂતનું મોત થયું હોવાનો આક્ષેપ કરાયો છે. મૃતકના પરિવારને વળતર ચૂકવવા અને જવાબદાર અધિકારીઓ સામે કડક ખાતાકીય કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે. સાથે જ સુરત જિલ્લાના તમામ તાલુકાઓમાં જૂની અને જર્જરિત વીજલાઈનો તથા પોલનો સરવે કરી બદલવા અને ગુણવત્તાસભર નવી લાઈનો નાંખવા જણાવાયું છે.

નહેર બંધ થાય ત્યારે ૧૨ કલાક વીજળી આપવાની માંગ

આગામી દિવસોમાં સિંચાઈની નહેરોનું પાણી બંધ થવાનું હોવાથી શેરડી, શાકભાજી અને બાગાયતી પાકો તેમજ પશુચારો બચાવવા નહેરમાં ફરી પાણી શરૂ થાય ત્યાં સુધી ખેડૂતોને દરરોજ ૧૨ કલાક પૂરતી વીજળી આપવાની માંગ પણ કરાઈ છે. વારંવારની રજૂઆતો છતાં બેદરકારી દાખવનારા અધિકારીઓ અને કર્મચારીઓ સામે શિસ્તભંગનાં પગલાં ભરવા નાયકે તંત્રને અપીલ કરી છે.

યુદ્ધમાં વધતા ભાવો અને સામે વેરામાં 20થી 23 ટકા સુધીના વધારો થતાં વિરોધ

સચિન ઇન્ડસ્ટ્રિયલ કો.ઓપ. સોસા.ની મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીને રજૂઆત

સુરતઃ વૈશ્વિક યુદ્ધજન્ય પરિસ્થિતિમાં કાચા માલના વધતા ભાવ, બજારમાં માંગની મંદી અને મજૂરી ખર્ચના વધારાથી મુશ્કેલીમાં મુકાયેલા સચિન GIDCના ઉદ્યોગો પર હવે સંકલિત વેરામાં 20થી 23 ટકા સુધીનો વધારો ઝીંકાવાની શક્યતા છે. આ વધારા સામે સચિન ઈન્ડસ્ટ્રિયલ કો.ઓપરેટિવ સોસાયટીએ વિરોધ નોંધાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી તથા ઉદ્યોગમંત્રી હર્ષભાઈ સંઘવીને વેરામાં રાહત આપવા રજૂઆત કરી છે.

સોસાયટીના પ્રમુખ મયૂર જે. ગોળવાલા અને સેક્રેટરી કિશોરભાઈ પટેલે 30 સપ્ટેમ્બર, 2026ના રોજ કરેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે, સચિન નોટીફાઈડ એરિયા ઓથોરિટી દ્વારા 1 એપ્રિલ, 2026થી 31 માર્ચ, 2027ના સમયગાળાનું સંકલિત વેરાબિલ ટૂંક સમયમાં ઈશ્યૂ થવાનું છે.

નવા બ્લોક વર્ષ-2026થી 2030 માટે બાંધકામની આકારણીના દર અને જમીનની જંત્રીમાં થયેલા વધારાને કારણે ગયા વર્ષની સરખામણીમાં વેરાબિલની રકમ 20થી 23 ટકા વધવાની સંભાવના છે. રજૂઆત મુજબ અગાઉના બ્લોક વર્ષમાં A, B અને C પ્રકારના બાંધકામના દર અનુક્રમે રૂ.1,775, રૂ. 1,375 અને રૂ.500 હતા. નવા બ્લોક વર્ષમાં આ દર વધારીને અનુક્રમે રૂ.2,220, રૂ.1,720 અને રૂ.625 કરવામાં આવ્યા છે.

બીજી તરફ જમીનની જંત્રીનો દર વર્ષ 2023માં પ્રતિ ચોરસ મીટર રૂ.5,870 હતો, જે વધીને રૂ.8,940 થયો છે. સચિન GIDC સંપૂર્ણ વિકસિત ઔદ્યોગિક એસ્ટેટ હોવા ઉપરાંત નોટિફાઈડ ઓથોરિટી પાસે નિયમિત ખર્ચને પહોંચી વળવા પૂરતું ભંડોળ ઉપલબ્ધ હોવાનો દાવો કરીને સોસાયટીએ વધારાના વેરાની જરૂરિયાત સામે સવાલ ઉઠાવ્યો છે.

તક્ષશિલા અગ્નિકાંડ કેસમાં તપાસ અધિકારીની જુબાની ચાર કલાક ચાલી

વધુ સુનાવણી ૨૯ ઓક્ટોબરે થશે, આરોપીઓ વકીલો ક્રોસ કરશે

સુરતઃ તક્ષશિલા અગ્નિકાંડ કેસમાં સોમવારે તપાસ અધિકારી એસીપી આર.આર.સરવૈયાની કોર્ટમાં ચાર કલાક સુધી જુબાની થઈ હતી. આજે એક આરોપી તરફેનાં વકીલે આઈઓની ઊલટી તપાસ લીધી હતી. વધુ સુનાવણી આગામી તા.૨૯ ઓક્ટોબરે કોર્ટ દ્વારા નિર્ધારિત કરાઈ હતી. આગામી મુદતે બિલ્ડરો, એસએમસીના અધિકારીઓ, ફાયરના અધિકારી, જીઈબીના એડ્વોકેટ કલ્પેશ દેસાઈ, કિરીટ પાનવાલા, કેતન રેશમવાલા, રાજેશ ઠાકરિયા સહિતના વકીલો ઊલટ તપાસ લેશે.

:: જાહેર હરાજી અંગેની નિવિદા ::

આથી જાહેર હરાજીથી ઇમલો લેવામાં રસ ધરાવતા લોકોને આ જાહેર નિવીદાથી જાણ કરવામાં આવે છે કે,નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના માછીયાવાસણ ગામે ગ્રામ પંચાયત કચેરી માછીયાવાસણ દ્વારા નીચે જણાવેલ વિગત મુજબની અસ્કયામતના ઇમલાની જાહેર હરાજી નીચે દર્શાવ્યા મુજબના સ્થળે અને અસ્કયામતની જે તે સ્થિતીમાં નિયત તારીખ અને સમયે કરવામાં આવશે. જેથી જાહેર હરાજીમાં ભાગ લેવા ઈચ્છતા લોકોએ સ્થળ ઉપર સમયસર હાજર રહેવું.

ક્રમ	અસ્કયામત અને ઈમલાની વિગત	જાહેર હરાજીની તારીખ	જાહેર હરાજીનો સમય	જાહેર હરાજીનું સ્થળ
૧	નિશાળ ફ. આંગણવાડીનું મકાન માછીયાવાસણ તા. ગણદેવી	૧૬/૧૦/૨૦૨૬	બપોરે ૧૨:૦૦ કલાકે	ગામપંચાયત માછીયાવાસણ તાલુકો –ગણદેવી જિલ્લો નવસારી

જાહેર હરાજીની શરતો,બોલીઓ,નિયમો વિગેરે સ્થળ ઉપર વાંચી સંભળાવવામાં આવશે. તથા ઉપરોક્ત અસ્કયામતના ઈમલાની જાહેર હરાજીમાં નિર્ણય કરવાની આખરી સત્તા તથા નિયમોમાં ફેરફાર વિગેરે કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારાઓની રહેશે.

તલાટી કમ મંત્રી, માછીયાવાસણ ગ્રામ પંચાયત | ઉપસરપંચશ્રી, માછીયાવાસણ ગ્રામ પંચાયત | સરપંચશ્રી, માછીયાવાસણ ગ્રામ પંચાયત

માહિતી/નવસારી/૩૬૧/૨૦૨૬

પંજાબ નેશનલ બેંક | punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ : વાપી શાખા,: આકાર મોટર નજીક, ને.હા.નં. ૮, વાપી ૩૯૬૧૯૫ જી. વલસાડ,ગુજરાત, email: bo3903@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી અનિલકુમાર અનીરૂધ મોલ (દેવાદાર), સરનામું : ફ્લેટ નં.સી–૨૦૫, શિવ સાંઈ રેસીડેન્સી, હરીયા પાર્ક રોડ, ડુંગરી ફળીયા, ડુંગરી, વાપી– ૩૯૬૧૯૫** કે જેમણે બેંક મારફત લોન સુવિધા લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ(એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

અ. નં.	દેવાદારો ના નામ અને ખાતા નંબર	સુરક્ષીત કરેલ મિલકતનુ સરનામુ વર્ણન	નોટીસની તારીખ	એનપીએ ની તારીખ	બાકી રકમ (નોટીસની તા.૩૦.૦૯.૨૦૨૬ મુળ + વ્યાજ + અન્ય ચાર્જીસ સહીત)
૧	શ્રી અનિલકુમાર અનીરૂધ મોલ (દેવાદાર), ખાતા નં. 390300ND00000405	**મોર્ગેજ કરેલ સ્થાયી મિલકત :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી 'શિવ સાંઈ રેસીડેન્સી' તરીકે ઓળખાતી રહેણાંકની બિલ્ડીંગ નં.સી ના ૨જા માળનો ફ્લેટ નં.સી – ૨૦૫ આશરે માપ ૮૬૬.૦૦ ચો.ફુટ બરાબર ૮૦.૪૮ ચો.મી, સુપર બિલ્ટઅપ એરિયા જેનુ બાંધકામ બિન–ખેતી જમીન રેવન્યુ સર્વે નં.૩૯૪/૩ આશરે માપ ૫૧૬૦.૦૦ ચો.મી, વણવહેચાયેલ હિસ્સા માપ ૧૨.૦૦ ચો.મી સહિત, ગામ.ડુંગરી, તા.વાપી, જી.વલસાડ, ગુજરાત આવેલ છે. જેની ચર્તુદિશા : **ઉત્તર તરફ** : ફ્લેટ નં.૨૦૪, **દક્ષિણ તરફ** : ફ્લેટ નં.૨૦૬, **પુર્વ તરફ** : આંતરીક રોડ, **પશ્ચિમ તરફ** : પેસેજ	૦૫.૧૦.૨૦૨૬	૨૮.૦૯.૨૦૨૬	રૂા. ૬,૦૫,૧૯૮/–

ઉપરોક્ત દેવાદાર(રો) ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરીટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દોરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

તારીખ : ૦૫.૧૦.૨૦૨૬ સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

પંજાબ નેશનલ બેંક | punjab national bank
...भरोसे का प्रतीक ! ...the name you can BANK upon !

બીઓ : વલસાડ શાખાઃ ગ્રાઉન્ડ ફ્લોર, શ્રીજી ટાવર, ગણપતી મંદિર સામે, વલસાડ–૩૯૬૦૦૧
ફો નં.૦૨૬૩૨–૨૪૯૪૦૪ ઈમેલ : bo139010@pnb.bank.in

કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક વલસાડ શાખા,** અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ ૨૦૦૨ અને અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ ધારા ૧૩(૨) હેઠળ ડિમાન્ડ નોટીસ **તા.૧૩.૦૭.૨૦૨૬** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવી ને દેવાદારો **શ્રી રમેશ રામલખન પાંડે અને જામીનદાર શ્રી અજીત ચંદ્રકાંત પાંડે** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૩,૫૮,૬૭૩.૩૮/– (અંકે રૂા. ત્રણ લાખ અઠ્ઠાવન હજાર છસો ત્તોતેર અને આડત્રીસ પૈસા પુરા) તા.૦૧.૦૭.૨૦૨૬** ના રોજના વધારાનું વ્યાજ કારાર આધારીત દર અને કોસ્ટ, ખર્ચાઓ સહિત આ નોટીસની તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદારો અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) ની કલમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ પોતાના અધિકારથી **તારીખ ૦૬ઠી ઓકટોબર ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો, જામીનદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંકની** બાકી રકમ **રૂા.૩,૫૧,૮૨૬.૩૩/– (અંકે રૂા. ત્રણ લાખ એકાવન હજાર આઠસો છવ્વીસ અને તેત્રીસ પૈસા પુરા) તા.૩૦.૦૮.૨૦૨૬** ના રોજના અને વધારાણા વ્યાજ સહિત ને આધીન રહેશે.

એનપીએ પછી રીકવરી– રૂા.૧૨૦૦૦/–

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ' માધવ કોમ્પલેક્ષ–ડી' નો ફલેટ નં.૨૦૩ કુલ માપ ૬૪૦ ચો.ફુટ (૫૯.૪૭ ચો.મી) જેનુ બાંધકામ બિનખેતી જમીન પ્લોટ નં ઈ–૧૯ અને ઈ–૨૦, રે. સ. નં. ૧૪૦/૧/૧, પારડી સાંઢપોર, તાલુકા અને જીલ્લા. વલસાડ ખાતે **શ્રી રમેશ રામલખન પાંડે** ના નામે આવેલ છે.

તારીખ : ૦૬/૧૦/૨૦૨૬ | સ્થળ : વલસાડ — અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક

‘મારી પુત્રીના પતિથી દૂર રહેજે’ કહી તમાચા મારતાં મહિલાનું મોત

કઠોર ગામમાં મહિલાએ તેની બે પુત્રીઓ સાથે આવીને અન્ય મહિલાને તમાચા માર્યા હતા

મહિલાને તુરંત સારવાર માટે લઈ જવામાં આવી પરંતુ તેનું મોત થતાં પોલીસે તપાસ શરૂ કરી

સુરતઃ અબ્રામા કઠોર ગામે એક મહિલાને અન્ય મહિલા અને તેની પુત્રીઓએ તમાચા મારતા આ મહિલાનું મોત થયું હતું.

મૂળ કામરેજ તાલુકાના હલધરુ ગામની વતની અને હાલ સુરતના અબ્રામા કઠોર ગામમાં પટેલ ટેકરા ખાતે રહેતી 37 વર્ષીય રૂકૈયાબીબી ઈલ્યાસમિયા શેખ માતા સાથે રહેતી હતી. કાલે સાંજે રૂકૈયાબીબી તેની માતા સાથે કઠોર ગામમાં રેફલર હોસ્પિટલની સામે ગલિયારા સ્કૂલની બાજુમાં આવેલા રસ્તા પર આઈસ્ક્રીમ ખાવા ગઈ હતી. દરમિયાન ગુલિસ્તાન નગર, કઠોર ખાતે રહેતી સબાના તેની પુત્રીઓ તરન્નુમ અને તબસ્સુમ સાથે રિક્ષામાં ત્યાં આવી હતી. બંને પુત્રીઓએ રૂકૈયાબીબી પાસે આવી કોઈ બોલાચાલી વિના તેના ગાલ પર બે-ત્રણ તમાચા મારી દીધા હતા. ત્યારબાદ સબાનાએ પણ રૂકૈયાબીબીને ‘તું મારી પુત્રી તરન્નુમના પતિથી દૂર રહેજે’ તેમ કહી તમાચા માર્યા હતા. ધક્કામુક્કીમાં રૂકૈયાબીબી નીચે પટકાઈ બેભાન થઈ ગઈ હતી. બેભાન હાલતમાં રૂકૈયાબીબીને સારવાર માટે કઠોરની હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. જોકે, ટૂંકી સારવાર દરમિયાન તેનું મોત નીપજતાં પરિવારજનોમાં શોક છવાઈ ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક રૂકૈયાબીબી તરન્નુમના પતિ સાથે વાતચીત કરતી હોવાની અદાવતમાં સબાના અને તેની પુત્રીઓએ ઝઘડો કર્યો હોવાનું સામે આવ્યું છે. બનાવને પગલે ઉત્રાણ પોલીસે અકસ્માત મોતની નોંધ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

પોસ્ટમોર્ટમમાં ગંભીર ઈજા નહીં, લેબોરેટરી રિપોર્ટની રાહ

સ્મીમેર હોસ્પિટલના ફોરેન્સિક વિભાગના ડો. સંદીપ રલોતીએ જણાવ્યું હતું કે, મૃતક રૂકૈયાબીબી શેખના પોસ્ટમોર્ટમ દરમિયાન ગાલ, હાથ અને માથા પર સામાન્ય ઘસરકા સિવાય કોઈ ગંભીર બાહ્ય કે આંતરિક ઈજાઓ મળી નથી. મોતનું ચોક્કસ કારણ જાણવા માટે નમૂનાઓ એફએસએલ, હિસ્ટોપેથોલોજી અને માઇક્રોબાયોલોજી વિભાગમાં લેબોરેટરી તપાસ માટે મોકલવામાં આવ્યા છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ | IDFC FIRST Bank

(અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)
CIN: L65110TN2014PLC097792, રજિસ્ટર્ડ ઓફિસઃ KRM ટાવર્સ, 8મા માળે, હેરિંગ્ટન રોડ, ચેતપેટ, ચેન્નઈ-600031. ટેલિફોનઃ +91 44 4564 4000 | ફેક્સઃ +91 44 4564 4022.

પરિશિષ્ટ IV [નિયમ 8(1)] કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

જ્યારે નીચે સહી કરનાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)ના અધિકૃત અધિકારી હોવાથી સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને સદર એક્ટની કલમ 13(4) હેઠળ પ્રદાન કરવામાં આવેલી સત્તાઓની રૂએ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વાંચતા, ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ અને જામીનદારોને ડિમાન્ડ નોટિસ જારી કરીને ડિમાન્ડ નોટિસમાં જણાવેલી રકમ વ્યાજ અને વ્યાજની વસૂલાતની તારીખ સુધીની અન્ય રકમ સાથે સદર નોટિસ મળ્યા તારીખથી 60 દિવસની અંદર ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું, ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા હોવાથી ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનારે સદર એક્ટની કલમ 13ની પેટા-કલમ (4)ની સત્તાઓની રૂએ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચતા નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે.

લોન એકાઉન્ટ નંબર	ઉધારકર્તા/ સહ-ઉધારકર્તા અને જામીનદારોના નામ	મોર્ગેજ કરેલી મિલકતોનું વર્ણન	ડિમાન્ડ નોટિસ: તારીખ	ડિમાન્ડ નોટિસ: બાકી રકમ (રૂપિયામાં)	કબજો લીધાની તારીખ અને પ્રકાર
17349703	1. લલિતાબેન ભરતભાઈ પાટીલ, 2. ભરત પાટીલ	પ્લોટ નં. 212નો તમામ ટુકડો અને પાર્સલ, જેનું માપ 72 ચોરસ યાર્ડ એટલે કે 60.28 ચોરસ મીટર છે, સાથે 35.26 ચોરસ મીટર "આર્યા રેસિડેન્સી"માં રોડ અને C.O.Pનો અવિભાજિત હિસ્સો, રેવેન્યુ સર્વે નં. 55, બ્લોક નં. 82, મોજે ગામ કારેલી, પલસાણા, સુરત, ગુજરાત ખાતે આવેલ છે, અને સદર મિલકતની હદ નીચે મુજબ છેઃ પૂર્વમાંઃ સોસાયટીનો આંતરિક રસ્તો, પશ્ચિમમાંઃ પ્લોટ નં. 227, ઉત્તરમાંઃ પ્લોટ નં. 213, દક્ષિણમાંઃ પ્લોટ નં. 211	25-Jul-2026	Rs. 10,69,359.24/-	6-Oct-26 કબજો
107220663	1. આશિષ અરુણભાઈ જૈન, 2. કૃષ્ણા ચાર્ન ટ્રેડર્સ, 3. જૈન રમેશ્વરી અરુણભાઈ	સ્થાવર દુકાન નં. S-45નો તમામ ટુકડો અને પાર્સલ, જેનું માપ અંદાજે 292 ચોરસ ફૂટ એટલે કે 27.14 ચોરસ મીટર સુપર બિલ્ટ અપ એરિયા અને 2જો માળે 22.62 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા અંદાજે 10.31 ચોરસ મીટર અવિભાજિત હિસ્સા સાથે, સિલિકોન શોપર્સ તરીકે ઓળખાતી જમીન યોજનામાં આવેલ છે, જે રેવેન્યુ સર્વે નં. 37નો ભાગ, સિટી સર્વે નં. ટીકા નં. 3, છલતા નં. 1, ફાઈનલ પ્લોટ નં. 22, T.P.S નં. 1 (ઉધના - મજૂરા), મોજે ઉધના મેઇન રોડ તાલુકા ચોર્યાસી, સુરત, ગુજરાત-395210ના રજિસ્ટ્રેશન ડિસ્ટ્રિક્ટ અને સબ ડિસ્ટ્રિક્ટ છે, જેની હદ નીચે મુજબ છેઃ પૂર્વમાંઃ એડ્જ. રોડ, પશ્ચિમમાંઃ એડ્જ. F.P. નં. 22 પૈકી જમીન, ઉત્તરમાંઃ એડ્જ. રોડ, દક્ષિણમાંઃ એડ્જ. F.P. નં. 22 પૈકી જમીન.	22-Jul-2026	Rs. 13,88,673.41/-	7-Oct-26 કબજો

ઉધારકર્તા/સહ-ઉધારકર્તાઓ/જામીનદારો ખાસ કરીને અને સામાન્ય જનતાને આથી ચેતવણી આપવામાં આવે છે કે મિલકત સાથે વ્યવહાર ન કરવો અને મિલકત સાથેના કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)ના ચાર્જને આધીન રહેશે ડિમાન્ડ નોટિસમાં જણાવેલી રકમ માટે ડિમાન્ડ નોટિસની તારીખથી ચૂકવણી/ વાસ્તવિકતા સુધીની વધુ વ્યાજ અને અન્ય શરતો સાથે.

તારીખઃ 06-10-26 / 07-10-26
સ્થળઃ ગુજરાત

સહી/- અધિકૃત અધિકારી, આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉ કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે વિલીનીકરણ થયેલ)

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા | सेन्ट्रल बैंक ऑफ इंडिया | Central Bank of India

વરાછા શાખા : દુકાન નં. જી-૧૪, ૧૫, ૧૬, ટ્વીન ટાવર બિલ્ડીંગ-એ, માનદર ચોક, વરાછા, જિ. સુરત-૩૯૫૦૦૬.

પઝેશન નોટીસ

ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨, નિયમ ૮(૧)

આથી, (સ્થાવર મિલકત માટે)

નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વરાછા શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨) અને ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૩૦.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી અરવિંદભાઈ કાંતિભાઈ પ્રજાપતિ (કરજદાર), શ્રીમતી મધુબેન અરવિંદભાઈ પ્રજાપતિ (સહ-કરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૬,૮૭,૨૬૭/- (રૂા. સોળ લાખ સિત્યાસી હજાર બસો સડસઠ પુરા)** ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને બેંકની સમગ્ર રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ધી સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા પેટા કલમ (૪) અને કલમ ૧૩ તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૧૧.૧૦.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તા/જામીનદારને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા, વરાછા શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૬,૮૭,૨૬૭/- (રૂા. સોળ લાખ સિત્યાસી હજાર બસો સડસઠ પુરા)** તા. ૩૦.૧૦.૨૦૨૫ થી ચડત વ્યાજ, અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેક્શન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી લ્હેણાં ભરપાઇ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

શ્રીમતી મધુબેન અરવિંદભાઈ પ્રજાપતિ અને શ્રી અરવિંદભાઈ કાંતિભાઈ પ્રજાપતિની માલિકીની મિલકત જે પ્લોટ નં. ૫૧ (૭/૧૨ મુજબનો પ્લોટ નં. ૧૦૪/એ/૫૧), બુકીંગ મુજબનો ક્ષેત્રફળ ૪૮ સ્કે. યાર્ડ યાને કે ૪૦.૧૩ સ્કે. મીટર અને પાસ થયેલ પ્લાન મુજબ ૪૦.૧૮ સ્કે. મીટર સાથે અવિભાજીત સરખા ભાગનો હિસ્સો ક્ષેત્રફળ ૩૧.૩૦ સ્કે. મીટર, રોડ અને સીઓપી "શિરડીધામ સોસાયટી–૨" થી જાણીતી, જે જમીનનો બ્લોક નં. ૧૦૪, ક્ષેત્રફળ ૨૬૪૦૬ સ્કે. મીટર, પછી દુરસ્ટી બ્લોક નં. ૧૦૪/એ/૧ થી ૧૦૪/એ/૧૧૪, ગામ–ઉમરા, તાલુકા–ઓલપાડ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● ઉત્તરે : પ્લોટ નં. ૫૦ ● પુર્વે : પ્લોટ નં. ૬૬ ● દક્ષિણે : પ્લોટ નં. ૫૨ ● પશ્ચિમે : સોસાયટીનો રસ્તો

તારીખ : ૧૧.૧૦.૨૦૨૬
સ્થળ : સુરત

સહી/- અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

પશુઆહારમાં ભેળસેળ, કડીનાં ચાર વેરહાઉસ સીલ કરી દેવાયાં

ગાંધીનગર: રાજ્યમાં પશુઆહારની ગુણવત્તા અને સલામતી સામે ગંભીર સવાલો ઊભા કરતી કાર્યવાહી હેઠળ મહેસાણા જિલ્લાના કડી વિસ્તારમાં ચાર મોટા વેરહાઉસમાં મેગા સરપ્રાઇઝ ચેકિંગ હાથ ધરી શંકાસ્પદ કપાસિયા ખોળની 1.58 લાખથી વધુ બેગનો જથ્થો સીલ કરવામાં આવ્યો છે. લિંચ-અંબાસણ રોડ પર આવેલા એક વેરહાઉસમાં અંદાજે રૂ. 25 કરોડની કિંમતનો 63.41 લાખ કિલો ખોળનો જથ્થો પ્રાથમિક તપાસમાં એક્સપાયર થયેલો અને ભેળસેળયુક્ત જણાયો છે. પશુપાલન મંત્રી જીતુ વાઘાણીની સૂચનાથી 11 ઓક્ટોબરે હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં પશુપાલન વિભાગ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, મહેસૂલ વિભાગ તથા પશુચિકિત્સા અધિકારીઓની સંયુક્ત ટીમો જોડાઈ હતી. પશુઓને અપાતા આહારની ગુણવત્તા સાથે ચેડાં થવાની રજૂઆતના આધારે અધિકારીઓએ કડી તાલુકાનાં ચાર વેરહાઉસમાં તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન મળી આવેલા શંકાસ્પદ ખોળનાં અલગ-અલગ સેમ્પલ વૈજ્ઞાનિક પદ્ધતિથી લઈને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવામાં આવ્યાં છે. સેમ્પલના અંતિમ અહેવાલ અને સ્ટોકની ચકાસણી બાદ જથ્થાની ગુણવત્તા અંગે વધુ સ્પષ્ટતા થશે.

ઓન લાઇન ટેન્ડરીંગ માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકાર
જાહેર નિવિદા નં - ૨૫ સને ૨૦૨૬-૨૭

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના વતી કાર્યપાલક ઇજનેરશ્રી, રાજપીપલા (મા.મ) વિભાગ, રાજપીપલા જિ. નર્મદા ફોન નં. ૦૨૬૪૦-૨૨૨૯૩૯ દ્વારા ૦૧ બિલ્ડીંગ ને લગતા કામ માટે યોગ્ય શ્રેણીમાં નોંધણી તથા યોગ્ય લાયકાત ધરાવતા ઇજારદારો પાસેથી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર ઓન લાઇન ટેન્ડર માંગવામાં આવેલ છે. જેની અંદાજીત કિંમત ૨૨૩.૧૧ લાખ છે.

ઉપરોક્ત કામના ટેન્ડર ડોક્યુમેન્ટ વેબસાઇટ https://tender.nprocure.com ઉપર તા.૨૭/૧૦/૨૬ સુધી ઉપલબ્ધ રહેશે તથા માહિતી વિભાગ સાઇટ www.statetenders.com ઉપર જોવા મળશે. નિવિદામાં થનાર ફેરફાર વેબસાઇટ પર જોવા મળશે.

માહિતી/નર્મદા/૩૨૦/ ૨૦૨૬-૨૭

बैंक ऑफ इंडिया Bank of India BOI

ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત–૩૯૫૦૦૧

સુધારો

આથી તાઃ ૧૦/૧૦/૨૦૨૬ ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં પ્રસિદ્ધ થયેલ **તા : ૧૨/૧૧/૨૦૨૬** ના રોજ ઈ– હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે **અ.નં. ૧, અમરોલી શાખા, દેવાદાર : રવી ચંદ્રશેખર ચેવલી** ના નામે રહેલી મિલકત અંગેની કલમ ૧૩(૨) હેઠળની રકમ **રૂા.૧૫,૨૭,૭૭૪/–** ને બદલે ભુલ અને શરત ચુકથી ખોટી છપાયેલ છે જે સુધારીને **રૂા.૧૫,૨૧,૭૭૪/–** વાંચવુ.

ઈ– હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.

તા.૧૩.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

વડોદરા મહાનગરપાલિકા

અસલ પ્રમાણપત્રોની ચકાસણી અંગેના કોલલેટર ડાઉનલોડ કરવા બાબત

(જાહેરાત ક્રમાંકઃ૩૯૨/૨૦૨૬–૨૭) અંતર્ગત તદ્દન હંગામી ધોરણે ૧૧ માસ માટે કરાર આધારે કામગીરી માટે સેવા અંગેની જાહેરાત પરત્વે

વડોદરા મહાનગરપાલિકા જાહેરાત ક્રમાંક: ૩૯૨/૨૬–૨૭ અંતર્ગત કરાર આધારિત માસિક ઉચ્ચક પગારથી ૧૧ માસ માટે તદ્દન હંગામી ધોરણે જગ્યા ભરવા માટે નિયત શૈક્ષણિક લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી ઓનલાઇન અરજીપત્રક મંગાવવામાં આવેલ. જાહેરાતમાં માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાતમાં ઉમેદવારે **ITI /**ડિપ્લોમા/સ્નાતક / અનુસ્નાતકમાં મેળવેલ માર્કસ/પર્સન્ટેજ ના અગ્રતાક્રમ પ્રમાણેની યાદી વી.એમ.સી. ની વેબસાઇટ **www.vmc.gov.in** ઉપર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદર યાદીના ઉમેદવારોને અસલ પ્રમાણપત્રોની ચકાસણી અર્થે તા.૨૧–૧૦–૨૦૨૬, બુધવારના રોજ રૂબરૂમાં ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. જેના કોલલેટર વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ **www.vmc.gov.in** પરથી તા.૧૩–૧૦–૨૦૨૬, સાંજે ૦૬:૦૦ કલાકથી તા.૨૦–૧૦–૨૦૨૬ રાત્રે ૨૩:૫૯ કલાક સુધી ડાઉનલોડ કરી શકાશે.

ઉમેદવારોને અસલ ફોટો આઇ.ડી, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, અનુભવના પ્રમાણપત્ર, શૈક્ષણિક લાયકાત અને આનુસાંગિક પુરાવા, જાતિના પ્રમાણપત્ર, અરજીપત્ર અને સુચિત કોલલેટર સાથે અસલ તમામ પ્રમાણપત્રો તથા તેની પ્રમાણિત નકલ સહિત હાજર રહેવા જણાવવામાં આવે છે. **ગેરહાજર રહેલ ઉમેદવાર આગળની ભરતી પ્રક્રિયા માટે ગેરલાયક ઠરશે.** જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

પી.આર.ઓ.નં.૪૮૭/૨૬–૨૭ — ડે. મ્યુનિ. કમિશનર(વ)

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda

સુરત શહેર ક્ષેત્ર–૨, બરોડા સન કોમ્પલેક્ષ, ઘોડ દોડ રોડ, સુરત–૩૯૫૦૦૭
ફોન :+ ૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯ , ૭૮૧૪૩૪૬૩૧૭

ઈ–હરાજી વેચાણ નોટીસ

હરાજીની તા.૨૮/૧૦/૨૦૨૬,સમય :બપોરે ૨:૦૦ થી સાંજે ૬:૦૦,
નિરિક્ષણ તા.૨૬/૧૦/૨૦૨૬ અને ૨૭/૧૦/૨૦૨૬

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ સહિત વંચાણે લેતા સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૬ (૨) અને ૮ (૬)ની શરતો હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટે ઈ–હરાજી વેચાણ નોટીસ

સિકયુરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટસ એન્ડ ઈન્ફોસમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (હવે પછી અહીં 'એકટ' તરીકે ઉલ્લેખ થશે) હેઠળ સ્થાવર / ચલિત અસ્કયામતોનું વેચાણ. આથી આ નોટીસ જાહેર જનતાને તથા વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો) અને ગીરવેદાર(રો) ને આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સિકયુર્ટ ક્રેડિટર પાસે ગીરવે મુકાયેલ/ચાર્જમાં રહેલ જેનો કબજો બેંક ઓફ બરોડાના અધિકૃત અધિકારી, સિકયુર્ડ ક્રેડિટર દ્વારા લેવાયેલ છે. તે નીચે દર્શાવેલ ખાતા/ઓની વસુલી માટે "જે છે ત્યાં છે", "જે છે તે છે" અને "જેમ છે તેમ છે" ના આધારે વેચવામાં આવશે. જે અંગેનાં દેવાદાર/ઓ/ ગીરવેદાર/ જામીનદાર/ઓ, સુરક્ષિત કરેલ મિલકતો બાકી રકમ, અનામત કિંમત, ઈ–હરાજી તારીખ અને સમય, ઈએમડી અને બોલી વધારીની રકમ નીચે દર્શાવેલ છે.

અ. નં.	શાખા / દેવાદારનું નામ અને ડિમાન્ડ નોટીસની તારીખ	મિલકતનાં માલિક	મિલકતનું વર્ણન	મિલકતનો પ્રકાર (રોહાઉસ/ફ્લેટ/રહે. પ્લોટ/ઔદ્યોગિક પ્લોટ/ ઔદ્યોગિક બિલ્ડીંગ) / કબજાનો પ્રકાર પ્રત્યક્ષ/સાંકેતિક	બાકી લેણા (રૂા. લાખમાં) તા.૦૪.૧૦.૨૦૨૬ સુધીના વ્યાજ સહિત (જો કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરતા)	૧) અનામત કિંમત (વાસ્તવિક) ૨) અર્નેસ્ટ મની ડીપોઝીટ (ઈએમડી) ૩) બીડ વધારાની રકમ	સંપર્ક અધિકારીનું નામ અને નંબર
૧.	બરબોધન / અનીતાબાઈ અજય ભટવાળ ૦૯.૧૦.૨૦૨૫	અનીતાબાઈ અજય ભટવાળ	રજીસ્ટર્ડ મોર્ગેજ ધરાવતી સ્થાયી મિલકત **'કૈલાશ રેસીડન્સી'** નો **પ્લોટ નં. ૭૪** રે. સ. નં. ૨૬૫+ ૨૬૬, તેનો બ્લોક નં. ૩૩૪/સી, માપ ૧૪૮૬૨ ચો.મીટર (ગામ ફોર્મ નં. ૭/૧૨) અને પ્લોટ માન્યતા પછી, પુર્નગઠન બાદ પ્લોટ એરીયા આશરે માપ ૮૯૧૭.૨૦ ચો.મીટર, ગામ. દેલડવા, સબ ડિસ્ટ્રીકટ. ચોર્યાસી, જી. સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૨૩.૭૬ + અન્ય ચાર્જીસ	૧) ૨૩,૬૯,૮૦૦/– ૨) ૨,૩૬,૯૮૦/– ૩) ૧૦,૦૦૦/–	મીનાક્ષી કુમારી ૮૯૮૦૦૨૬૭૨૨
૨	માસમા / કાનાની હસમુખભાઈ અમરશીભાઈ ૨૭.૦૬.૨૦૨૫	કાનાની હસમુખભાઈ અમરશીભાઈ અને કાનાની લક્ષ્મીબેન હસમુખભાઈ	તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત **'શ્રી સાંઈ વિલા રેસીડન્સી' નો પ્લોટ નં. ૧૫૧** એરીયા માપ ૭૪.૩૫ ચો.મી વણવહેચાયેલ હિસ્સા માપ ૪૮.૧૨ ચો. મીટર, કોમન રોડ અને સી.ઓ.પી.કુલ માપ ૧૨૨.૪૭ ચો.મીટર સાથે, જમીનનો બ્લોક નં. ૧૫૯, રેવન્યુ સર્વે નં. ૧૭૮ પૈકી ૧૮૧/૧ અને ૧૮૨/૨, માપ ૩૨૬૭૯.૦૦ ચો.મી. મોજે ગામ. ઈશનપોર, તા. ઓલપાડ, જી. સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૧૮.૭૪ + અન્ય ચાર્જીસ	૧) ૧૭,૨૯,૦૦૦/– ૨) ૧,૭૨,૯૦૦/– ૩) ૧૦,૦૦૦/–	અર્ચીતા ૮૯૮૦૦૨૬૬૫૫
૩	હની પાર્ક રોડ / શ્રી દિનેશ શંકરલાલ ભટ્ટાર ૧૩.૦૫.૨૦૨૫	શ્રી દિનેશ શંકરલાલ ભટ્ટાર	'શ્રી દર્શન રેસીડન્સી ' નો પ્લોટ નં.૧૫૯, માપ ૭૨.૦૦ ચો.વાર, અને કેજેપી મુજબ બ્લોક નં. ૬૩૬–૧૫૯ માપ ૬૦.૨૦ ચો.મીટર તેના પર બાંધકામ પ્રમાણે માપ ૪૧.૧૧ ચો.વાર બરાબર ૫૯.૪૫ ચો.મીટર, પ્રમાણસર વણવહેચાયેલ હિસ્સા સાથે સીઓપી માપ ૧૦.૦૩ ચો.મી, અને રોડ નું માપ ૨૯.૧૪ ચો. મી, જે જમીન બ્લોક નં. ૬૩૬ (રેવન્યુ સર્વે નં. ૮૪) માપ ૨૮૫૩૧.૦૦ ચો.મીટર, ગામ. માસમા, તા. ઓલપાડ, જી.સુરત ખાતે આવેલ છે.	રો હાઉસ / પ્રત્યક્ષ	રૂા.૨૦.૯૬ + અન્ય ચાર્જીસ	૧) ૧૫,૭૩,૩૫૦ ૨) ૧,૫૭,૩૩૫ ૩) ૧૦,૦૦૦	અમન આનંદ ૮૯૮૦૦૨૬૬૦૫
૪	ડામકા / રાજારામ પરસારામ જાજુંદા અને મોહનીદેવી રાજારામ જાજુંદા ૧૧.૧૧.૨૦૨૫	મોહનીદેવી રાજારામ જાજુંદા	તમામ હક, હિત અને સંબંધ ધરાવતી મિલકત કે જે આકાશ દર્શન એપાર્ટમેન્ટ ના ૭મા માળનો ફ્લેટ નં.–૭૦૧ બિલ્ટ અપ એરીયા માપ આશરે ૯૮.૮૮ ચો.મીટર વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન માપ ૩૮.૦૦ ચો.મીટર, રેવન્યુ સર્વે નં. ૩૦, ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬, ફાઈનલ પ્લોટ નં. ૬, ગામ–મજુરા, સીટી– સુરત સબડિસ્ટ્રક–સુરત સીટી, ડિસ્ટ્રીક–સુરત ખાતે આવેલ છે.	ફ્લેટ / પ્રત્યક્ષ	રૂા.૬૩.૮૩ + અન્ય ચાર્જીસ	૧) ૫૬,૯૩,૪૦૦ ૨) ૫,૬૯,૩૪૦ ૩) ૧૦,૦૦૦	સોલંકી હિતેશકુમાર શંકરભાઈ ૮૯૮૦૦૨૬૬૨૬
૫	એમએસએમઈ / મેસર્સ રાયઝાદા એકસપોર્ટસ (માલિક. શ્રી રાજેશભાઈ મનજીભાઈ સુતરીયા) ૨૭.૦૧.૨૦૨૬	શ્રી રાજેશ મનજીભાઈ સુતરીયા	તમામ હકક, હિત અને સબંધ ધરાવતી 'સ્થાયી મિલકત' કે જે નોર્થ એક્ષ્ટેન્સન' બીજા માળની દુકાન નં. ૨૦૧૭ સુપર બીલ્ટઅપ એરીયા માપ ૪૩૬૦.૦૦ ચો.ફુટ એટલેકે ૪૦૫.૨૦ ચો.મી અને કારપેટ એરીયા માપ ૨૫૨૯.૦૨૫ ચો.ફુટ એટલે ૨૩૫.૦૩૯૫ ચો.મી (એસએમસી વેરા બીલ મુજબ ૨૩૨.૧૬ ચો.મી) ૧–૧૦ કાર્ડ ૪, મુજબ સુરત શહેરમાં બેગમપુરા વિસ્તારમાં તા.સીટી (ચોર્યાસી) જીલ્લો સુરત ખાતે મિલકત સીટી સર્વે નોંધ નં. ૧૬૫૦ છે.	કોર્મશીયલ દુકાન / પ્રત્યક્ષ	રૂા.૫૪૧.૮૪ + અન્ય ચાર્જીસ	૧) ૨,૭૫,૪૯,૦૦૦ ૨) ૨૭,૫૪,૯૦૦ ૩) ૫૦,૦૦૦	પ્રણોતિ એસ નેને ૮૯૮૦૦૨૧૦૫૫

સરફેસી એકટ હેઠળ દેવાદાર/જામીનદાર/ગીરવેદારને ૧૫ દિવસ ની વૈધાનિક વેચાણ નોટીસ

મિલકત નં. ૧ થી ૪ માટે બિડ વધારાની રકમ રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દશ હજાર પુરા) અને મિલકત નં. ૫ માટે રૂા. ૫૦,૦૦૦ (રૂપિયા પચાસ હજાર પુરા)રહેશે. વેચાણનાં વિસ્તૃત નિયમો અને શરતો માટે કૃપા કરી આપેલ લીંક https://www.bankofbaroda.in/e-auction.htm, https://baanknet.com પર જાવ. સંભવિત બિડરો અધિકૃત અધિકારી ફોન નં. +૯૧ ૮૬૮૨૯૭૭૭૫૯ +૯૧ ૭૮૧૪૩૪૬૩૧૭, નો સંપર્ક કરે.

(જો અંગ્રેજી સંસ્કરણ અને કોઈપણ અન્ય ભાષાના સંસ્કરણ વચ્ચે વિસંગતતા જણાય તો અંગ્રેજી સંસ્કરણને માન્ય ગણવામાં આવશે.)

SCAN HERE For detailed Terms & Conditions

તા.૧૩.૧૦.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા